# બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# ઉડાઉ દીકરો



લેખક : Edward Hughes
સુચરિત્ર કરનાર : Lazarus
ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી
અનુકૂલન : Ruth Klassen; Sarah S.

60 વાર્તા 45

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ગુજરાતી Gujarati



ઈશ્વરની માફી વિશે જણાવવા માટે ઈસુને બહુ ઈચ્છા થઈ આવી. પણ યહૂદી આગેવાનોએ ફરીયાદ કરી કે તે તો પાપીઓનો મિત્ર છે.

1



તેથી ઈસુએ તેઓને ત્રણ વાર્તાઓ કહી કે, જ્યારે પાપી પોતાના પાપનો પસ્તાવો કરે છે ત્યારે ઈશ્વરને આનંદ થાય છે.

2


પ્રથમ વાર્તા હતી કે એક
માણસ પાસે સો ઘેટાં
હતાં. તેમાંથી એક
ખોવાઈ ગયું.
3


એ જ સમયે ઘેટાંપાળક
પોતાના નવ્વાણું ઘેટાંને
મૂકીને એકને
શોધવા નીકળ્યો.
4


ઘેટા પાળકને જ્યાં સુધી તે
ઘેટું મળ્યુ નહી ત્યાં સુધી
તેણે તેની ખોજ કરી.
જ્યારે તેને તે મળી આવ્યું
ત્યારે તેને ખભા પર મૂકીને
આનંદભેર ઘરે આવ્યો.
5


તેણે તેના મિત્રોને
કહ્યું, “મારી સાથે
આનદ કરો કારણ કે
મારું જે ખોવાયેલું ઘેટું
તે પાછુ મળ્યું છે.”
6


ઈસુએ સમજાવ્યું કે જ્યારે
એક પાપી પસ્તાવો કરે છે
ત્યારે સ્વર્ગમાં ખૂબ જ
આનંદ થાય છે.
પસ્તાવો કરવાનો
મતલબ - પોતાના
માટે દુ:ખી થવું અને
તેને છોડી દેવા.
7


ઈસુની બીજી વાર્તા એક
સ્ત્રીની હતી કે જેની પાસે
દસ ચાંદીના સિક્કા હતા,
કદાચ તેના આખા
જીવનમાંથી બચાવેલી
ચીજમાંની હશે. એક
ભયંકર બિના બની. તેનો
એક સિક્કો ખોવાઈ ગયો.
8


આ સ્ત્રી આખું ઘર ... વાળ ... વાળ ... વાળ કર્યું. આખરે તેનો ખોવાયેલો સિક્કો મળી ગયો. તે ખૂબ જ ખુશ હતી. તમે ધારી શકો છો કે તેણે શું કર્યું હશે. હા, એમ જ તેણીએ તેના મિત્રોને કહી બતાવ્યું.
9


ઈસુએ શીખવ્યું, “જ્યારે એક પાપી પસ્તાવો કરે છે ત્યારે ઈશ્વરના સ્વર્ગદૂતો પણ આનંદ કરે છે.”
10


ઈસુએ જે છેલ્લી વાર્તા કરી તે નિરાશાભરી હતી. તે વાર્તા જણાવે છે કે તે છોકરો પોતાના પિતાને મૂકીને ચાલ્યો ગયો.
11


દૂર દેશમાં જઈને આ છોકરાએ બધા પૈસા મૂર્ખતાભરી બાબતો પાછળ ખર્ચી નાંખ્યા. હવે તે શું કરવાનો હતો. વધારામાં પાછો તે દેશમાં દુકાળ પડ્યો. તે ભૂખે મરવા લાગ્યો.
12


આ ભૂખે મરતા છોકરાને ભૂંડોને ચરાવવાની નોકરી મળી. પણ કોઈ તેને કશું ખવડાવતુ નહીં. કદાચ તેણે ભૂંડનું ભોજન પણ ખાઈ લીધું હોત. કદાચ તેણે એવું કર્યું પણ હશે. આખરે તે છોકરાને બુદ્ધિ આવી. “મારા પિતાના ઘરે મજૂરો ખૂબ જ સારું ખાય છે.” તેણે વિચાર્યું.
13


“હું ઘરે જઈશ અને મારા પિતાને કહીશ કે પિતા હું મારા પાપ માટે પસ્તાવો કરું છું. હું તમારો દીકરો કહેવડાવવાને માટે યોગ્ય નથી. તારા મજૂરોના જેવો મને ગણ.”
14













ઉડાઉ દીકરો

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

લુક ૧૫

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે, હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો, જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું. તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.